અમદાવાદનાં મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ.

ફોજદારી કેસ નં.૮૮૧૦૫/૨૨.
આંક–

શ્રી સરકાર ....... ..........ફરીયાદી.

વિરૂધ્ધ

**દેવદત્ત જેઠાભાઇ કટારીયા,** ..................આરોપી.

<u>ગુન્હોઃ– ઇ.પી.કો.કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૧ અન્વયે.</u>

**ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૨ મુજબ ઠરાવ.**

(૧) આ કામનાં હાલનાં આરોપી વિરૂધ્ધમાં ઇ.પી.કો.કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. આથી આરોપી સામે હાલનું આઇ.પી.સી. કલમ– ઇ.પી.કો.કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ પોલીસે કરેલ છે, તેને ફોજદારી કેસ રજીસ્ટ્રે લઇ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. આથી અદાલતે તેને ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સૃજા થઇ શકે તે સમજાવેલ છે. ત્યારબાદ પ્લી રેકર્ડ કરતા, તેમા પણ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી કબુલાત સ્વેચ્છાપુર્વકની હોવાની ખાત્રી કર્યા બાદ પુરસીસ રેકર્ડ કરવામાં આવી. અને ત્યારબાદ આરોપીને સજા અંગે સાંભળવામાં આવ્યા.

(૩) આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યક્ત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુન્હો હોય, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. પોતે ગરીબ વર્ગનાં અને કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે. પોતાના અને કુટુંબનાં ભવિષ્યને લક્ષમાં રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતી કરે છે.

(૪) આરોપીએ ગુનો કબુલ કરતા સજા થવી જોઇએ તેમ આ અદાલત માને છે, તેમજ સમાજનાં હીતમાં પણ આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી પરંતુ આરોપીની રજુઆતો ધ્યાનમાં લેતા તેમજ પુરસીસ વંચાણે લેતા અને નામ.ગુજ.હાઇ.નાં સ્ટે વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોટેડ ઇન ૨૦૦૫(૧) જી.એલ.આર.૨૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા સંજોગોને ધ્યાને લેતા, આ કામમાં આરોપીને સુધરવાની તક આપી યોગ્ય સજા કરવી જોઇએ. તથા હાલનાં ગુનામાં ઓછામાં ઓછી સજા નિયત કરવામાં આવેલ

નથી. આથી ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લઇ, ગુનાનો અહેસાસ માત્ર થાય તેટલી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઇ રહેશે, તેમ આ અદાલત માને છે.

(૫) આરોપી સામેનો ગુનાનો આરોપી, ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા અને આરોપી ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય, ન્યાયનાં હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આરોપીને ભા.ફો.ધારાની કલમ– ઇ.પી.કો.કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૧ અન્વયેનાં ગુના સબબ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–અંકે રૂપિયા એક સો નાં દંડની સજા કરવામાં આવે છે.

આરોપીનાં ખત તથા જામીન ખત રદ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

સ્થળ:અમદાવાદ.
તારીખ.૦૯/૧૨/૨૦૨૩

એડીશ્નલ ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬, અમદાવાદ.